





મન રાખો શાંત, સમસ્યા સામે આંખ મીંચી નાખો,
આવી પડે નિવેદનની સ્થિતિ મૌન ખેંચી નાખો!
પેંચી નાખો પગ પદ્માસનને ખટકતા સાથીના -
'યોગ' ને પણ માર્કેટીંગથી વિશ્વમાં વેંચી નાખો!
(યોગનું રાજકારણ)




અરવિંદને
કરાવે શિર્ષાસન -
નજીબ ગુરુ..

લઠ્ઠા-યોગમાં -
લાગે છે સહયોગ!!
ગુજરાતનો..!

## ચિંતન

**એતાવજ્જન્મ સાફલ્યં યદ્નાયત્ત વૃત્તિતા ।**
**યે પરાધીનતાં યાતાસ્તે ય જીવન્તિ કે મૃતા : ॥**

'આપણો જન્મ સફળ થયો છે.' એવું ત્યારે જ કહી શકાય, જયારે માણસ સંપૂર્ણ 'સ્વાતંત્ર્ય' સાથે જીવતો હોય- આથી જો માણસ પરાધીન પણે - ગુલામી જેવી દશામાં જ જો 'જીવતો' હોય એને પણ જો આપણે 'જીવંત' કહીશું તો પછી 'મરેલો' કોને કહેવો? અર્થાત 'પરાધીનપણું' એ 'મૃતાવસ્થા' જ છે.'

દેશમાં નાગરિક તરીકેનું સ્વાતંત્ર્ય હોય કે ઘરમાં અધિકારની 'રૂ'એ વૃદ્ધ વડીલનું સ્વાતંત્ર્ય હોય એ આબરૂભેર - જીવંત જીવાતું જીવન છે એમાં જીવવાનો આનંદ છે ભલે આપણે રોજ મોટા નિર્ણયો ન લેતા હોઇએ પણ 'માનસિક મુક્તિ' એ જ સ્વાતંત્ર્યનો આનંદ છે.

ગુલામી દશા-મજબૂરી-લાચારી-પરાધીનતા માણસને મનથી ભાંગી નાખે છે એ જીવતો દેખાય છે પણ હાલતાં હાડપિંજરથી વિશેષ એ કંઇ જ નથી. આવા જિંદગી એ 'મુડદાલ' જ છે એને જો 'જીવતો' કહેવામાં આવે તો 'મરેલો' કોને કહેવો?!

## સુવિચાર

- વિશ્વના એક એક માણસને સમૃદ્ધ કરવા જેટલી પૃથ્વી સમૃદ્ધ છે, પણ પારવિનાના લોભે માણસને સ્વાર્થી ઝેરીલો બનાવી દીધો છે **- માનસસૂત્ર**
- અભિમાનનો ત્યાગ એ આપણા ધર્મરહસ્યનું પહેલું પગથિયું છે **- સંત રોબિન**
- સુંવાળું જીવન અને સાંકળું મન આ બે પરિબળો એવા છે કે જે જીવનમાં સત્કાર્યોના સેવનને પ્રવેશ આપવા દેતા જ નથી **- સાને ગુરુજી**
- અંધકારથી આવૃત્ત ઘુવડને સુર્યપ્રકાશ એ અંધકાર સમાન છે, તેનો અંધકાર દૂર થઇ શકતો નથી, તેવી રીતે અવિદ્યામાં રહેનારાઓનું અજ્ઞાન દૂર થઇ શકતું નથી **- રામાનુજાચાર્ય**
- સફળતા સમજદારી અને પરિશ્રમથી મળે છે, જો તમારે પ્રગતિ કરવી હોય તે સમજદારી અને પરિશ્રમ બેવ અપનાવો **- સ્ટીવ જોબ્સ**
- દ્રોહ વગરનું અને દંભરહિત આચરણ એ મૈત્રીનું મહાવ્રત છે **- ભવભૂતિ**
- કેટલીક વાર 'હાર' પણ જીત કરતાં વધારે યશસ્વી હોઇ શકે છે **- મિશેળ મોન્તેન**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

ગાયકો, સ્પર્ધકો વગેરેએ પોતાના ક્ષેત્રમાં આગળ વધવા કે ટકી રહેવા રમતગમત-દોડ-ગાયન વગેરેમાં રોજનો મહાવરો-પ્રેકટીસ-રિયાઝ ફરજિયાત પ્રમાણે કરવી જ જોઇએ.

વિદ્યાર્થી પણ 'મને આવડે છે' કહી વાંચવાનું છોડી દે તો 'પરિણામ' જુદું જ આવે!!

રશિયાના શ્રેષ્ઠ વાયોલીન વાદક 'પેડરત્સોકી' વિશ્વમાં વાયોલીન વાદક તરીકેની નામના મેળવી ચૂક્યા હતા. એમને વિશ્વભરમાંથી કેટલાંય ઇનામ ચંદ્રકો મળ્યાં હતા.

એક પત્રકારે તેમને પુછ્યું હું કાલે સવારે સાતથી નવ તમારો ઇન્ટરવ્યુ લેવા આવી શકું? પેડરત્સોકી એ તરત કહ્યું, ના, એ સમય તો મારો 'રિયાઝ' નો છે વર્ષોથી હું સવારે બે કલાક રિયાઝ કરું છું! પત્રકારે તરત કહ્યું, 'મહાશય, હવે તમને વિશ્વમાં નામના મળી ચૂકી છે, હવે શું - હજુ પણ તમને રિયાઝની જરુર જણાય છે?'

પેડરત્સોકી કહે, મિત્ર, હું એક-બે દિવસ રિયાઝ ન કરું તો મારા સાથીઓ મારો દોષ પકડી લે એક સપ્તાહ પ્રેક્ટીસ ન કરું તો ચાહકોને ખબર પડી જાય છે, ને એક મહિનો અભ્યાસ ન કરું તો શહેર આખું તફાવત પકડી લે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# દીપડાથી પ્રકૃતિ ઉદ્યાનના પિંજરામાં રહેલાં હરણોને બચાવવા માટે રાત્રી દરમિયાન પીંજરાની આસપાસ ફલડ લાઇટો લગાવવામાં આવી તેમજ ત્રણ ચાર જગ્યાએ ચાર ચાર માણસોને અગ્નિ પેટાવીને બેસવાની સૂચના પણ અપાઇ

## હરિયાળું હરણોદ્યાન

**- નટવર હેડાઉ**

સાબરમતી નદીના કોતરોમાં દીપડો ફરતો હોવાના અહેવાલો હવે રોજબરોજ મળવા લાગ્યા હતા. સ્થાનિક અખબારોમાં પણ તેની નોંધ લેવાવા લાગી હતી. કોઇ કહેતું હતું કે સીઆરપીએફ કેમ્પમાં દીપડો દેખાયો છે. તો અરણ્ય પાર્કના બાવળના ઝુંડોમાં દીપડાએ કૂતરાનું મારણ કર્યાનું પણ જાણવા મળી રહ્યું હતું.

આ દીપડો હવે તો ગાંધીનગર શહેરના ચ-૨ સર્કલ પાસે રાત્રીના અઢી ત્રણ વાગ્યાના સુમારે જોયાની વાત બંગલામાં ઇલેક્ટ્રીક ફીટીંગનું કામ કરતા રાત પાળી કરીને પરત જતા કામદારો પાસેથી જાણવા મળી ત્યારે સ્થિતિની ગંભીરતા સમજાવા લાગી હતી.

પ્રકૃતિ ઉદ્યાનના પીંજરામાં પુરેલા દીપડાના પાંજરા નજીકમાં રસ્તા પર દીપડાના પગલાંના નિશાન બે વખત જોવા મળતાં પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં આવતા બાળકો માટે કોઇ જોખમ ન લેવું એવો નિર્ણય છેવટે લેવાઇ ગયો અને શિબિરો સ્થગિત કરવામાં આવી.

નદીના કોતરોમાં દીપડો ફરતો હોવાની વાતે નદી કિનારાના ઇન્દ્રોડા, ધોળાકુવા, શાહપુર ગામોમાં ગ્રામજનોમાં ભયનું વાતાવરણ ફેલાવા લાગતા વન વિભાગ દ્વારા ઇન્દ્રોડા ગામ નજીકમાં દીપડાને પકડવા એક પાંજરું ગોઠવાયેલું. બીજા દિવસે ખબર પડી કે દીપડાને લલચાવવા તેમાં મુકેલ બકરાંના બચ્ચાને દીપડો ઉઠાવી ગયેલો. અખબારો અને સ્થાનિક ચેનલોએ કાગારોળ મચાવતાં તંત્રને સક્રીય થવું પડે તેમાં કંઇ નવાઇ નથી. જો કે દીપડાએ હજુ સુધી કોઇ માનવની જાનહાનિ કરી ન હતી. છતાં ભયનો માહોલ ફેલાયેલો હોવાથી દીપડાને પકડવાના ચક્રો ગતિમાન થઇ ગયા હતા. ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના નદી તરફના કોતરના ભાગે પણ એક પિંજરું લાવીને અમે ગોઠવ્યું હતું.

શિયાળાનો સમય હતો ઠંડીનું પ્રમાણ વધતું જતું હતું. પણ દીપડાએ બધાની ઠંડી ઉડાડી દીધી હતી. તેમાં એક દિવસ વન અને પર્યાવરણ વિભાગના સચિવ એસ. કે. નંદાના ડ્રાઇવરે પણ ચ-૦ સર્કલ પાસે દીપડો જોયો હોવાના ખબર આપેલા. વાત એમ બનેલી કે વહેલી સવારની ફલાઇટમાં સચિવ દિલ્હીથી પરત ફરી રહ્યા હતા. તેમને લઇને કાર ગાંધીનગર તરફ આવતી હતી ત્યારે દીપડો જોયાની હકીકત બની હતી. તેમાં વળી બન્યું એવું કે એક દિવસ સવારમાં વહેલા હું પ્રકૃતિ ઉદ્યાનમાં ગયો ત્યાં જ મને રસિકભાઇએ કહ્યું કે આજે તો ગજબ થઇ ગયો છે.'શું થયું?' તો કહે કે દીપડો પાંજરામાંથી ચિત્તલ ને ઉપાડી ગયો છે અમે બંને ચિત્તલના પાંજરા પાસે આવ્યા. તેમને મને બતાવ્યું કે અહીંથી દીપડો કુદીને ગયેલો છે. વાત પણ સાચી હતી. દિવાલ પર ચેનલીંક લગાવેલ હતી તેના ઉપર લગાવેલ કાંટાળા તારમાં જોતાં દીપડા અને ચિત્તલના વાળ ચોંટેલા દેખાયા. ત્યાંથી નજીકમાં જોતા દીપડાએ ચિત્તલને ઢસેડીને લઇ ગયાની નિશાનીઓ પણ જણાઇ. અમે તેને પગલે પગલે આગળ વધ્યા તો એક ટેકરી પર ચિત્તલની અવશેષો પણ મળી આવ્યા. લોહી ચાખી ગયેલો દીપડો હરણનાં પાંજરામાં ફરી ન ત્રાટકે તે માટે તાત્કાલિક પગલાં લેવાની શરુઆત કરવામાં આવી. આમ તો પાંજરાની દીવાલ જમીનથી છ સાત ફૂટ જેટલી હતી તેના પર બે ફૂટની ચેનલીંક પર લગાવેલ હતી પણ તેને કુદીને દીપડો ચિત્તલને લઇ ગયો હોઇ ચિંતાની બાબત બની હતી.

દીપડાથી પ્રકૃતિ ઉદ્યાનના પિંજરામાં રહેલાં હરણોને બચાવવા માટે રાત્રી દરમિયાન પીંજરાની આસપાસ ફલડ લાઇટો લગાવવામાં આવી તેમજ ત્રણ ચાર જગ્યાએ ચાર ચાર માણસોને અગ્નિ પેટાવીને બેસવાની સૂચના પણ અપાઇ. વળી બીજો પણ બે પાંજરા લાવીને એક દીપડાના પાંજરા પાસે અને બીજું પ્રકૃતિ શિક્ષણ શિબિર સ્થળની નજીક મુકાયું હતું. સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા. અને રાત્રી દરમિયાન તેનું મોનીટરીંગ કરતા હતા. જો કે તેમાં કયારેક દીપડો જોવા મળ્યો નહોતો, હાં, નીલગાયો અને શાહુડીઓ કે કયારેક સસલાં અને શેળા જોવા મળી ગયેલા. દીપડો ખુબ ચાલાક હતો. બે વખત તો એ પાંજરા પર ત્રાટક્યો હતો જેના કારણે પાંજરું બંધ થઇ જતું અને એ ભાગી જતો હતો. એકાદ વખત તો અમે જયાં તાપણું કરીને બેઠા હોઇએ તેની બિલકુલ પાછળ ત્રણ ચાર ફૂટ દૂરથી પસાર થઇ ગયો હોય અને તે નીકળી ગયા બાદ અમને ખબર પડી હોય એવું પણ બન્યું હતું.

ડીસેમ્બર અને જાન્યુઆરી મહિનો આમ જ પસાર થઇ ગયેલો, પણ દીપડો પકડાતો ન હતો. સંસ્કૃતિકુંજનો મેળો નજીક આવી રહ્યો હતો. વળી એવા પણ અહેવાલો મળતા તા કે એક નહીં પણ બે દીપડા છે. વાત ને કયાંક સમર્થન પણ મળતું હતું. તેવામાં વન વિભાગ દ્વારા કલોલ પાસે એક દીપડો પકડાઇ ગયો. તેને પીંજરે પુરીને બે દિવસ માટે અહીં રાખવામાં આવેલો પછી જૂનાગઢ લઇ ગયેલો.

આ બનાવના બીજા દિવસે રાત્રે અમે પાર્કમાં ફરતા હતા ત્યાં રાત્રીના અગિયાર વાગ્યાના સમયે વિશાળ પક્ષીગૃહ અને તળાવની વચ્ચેની ઝાડીમાંથી ભુંડની ચીસ સંભળાઇ. અમે ટોર્ચ લઇ એ તરફ ગયા પણ દીપડો આંખના પલકારામાં ત્યાંથી ગાયબ થઇ ગયો હતો. તે પછી એક દિવસ નદી કિનારે મોરને માર્યો હોવાની વાત જાણળા મળલી.

દીપડાના આગમન પછી ઇન્દ્રોડા અને ધોળાકુવા ગામના લોકો સવારે કે સાંજે સૂકા લાકડાં વીણવા કે પછી કુદરતી હાજતે જવા ઘુસી આવતા હતા. તે બિલકુલ બંધ થઇ ગયું હતું. એટલો ભયનો માહોલ તો દીપડાએ સર્જી જ દીધો હતો. પ્રકૃતિ ઉદ્યાનમાં કૂતરા અને ભૂંડ પણ દેખાતાં ઓછા થઇ ગયાં હતા. તપાસ કરતાં દીપડાના સગડ હવે મળતા હતા કે તે અંતે સરોવર ડેમના તૂટેલાં ખંડેરોની બખોલમાં દિવસ દરમિયાન ભરાઇ રહેતો હતો અને વહેલી સવારે કે રાત્રે શિકાર માટે નીકળતો હતો. ત્યાં જોવા ગયા તો જાણવા મળ્યું કે બોગદું ખુબ જ લાંબુ અને ઉંડું હતું અને એટલું વિશાળ હતું કે તેમાં દીપડો કયાં સંતાઇ ને બેઠો હશે તે નક્કી કરવું મુશ્કેલ હતું.

મીડિયાની ભીંસ તંત્ર પર વધતી જતી હતી. તેથી અગ્રમુખ્ય વન સંરક્ષક પ્રદિપ ખન્નાએ એક તાકીદની મીટિંગ બોલાવેલી. તેમાં ગાંધીનગર વન વિભાગના અધિકારીઓ, ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના અધિકારીઓ ઉપરાંત જૂનાગઢથી એક ખાસ ટીમ પણ બોલાવવામાં આવેલ તેના અધિકારી કર્મચારીઓ પણ સામેલ હતા. તેમણે તાકીદ કરી કે કોઇ પણ સંજોગોમાં ચોવીસ કલાકમાં દીપડાને પકડો કે ઠાર મારો. આ પ્રશ્નનો ઉકેલ આવવો જોએિ. જોકે પકડવાની વાતે બધા એકમત હતા. મીટીંગ બાદ જૂનાગઢની ટીમ સાથે મળી દીપડાને પકડવાની ખાસ યોજના બનાવવામાં આવી. દીપડો રાત્રી દરમિયાન બહાર નીકળે તે પછી સંત સરોવર ડેમના ખંડેરમાં બોગલા પાસે પાંજરા ગોઠવવાનું નક્કી થયું. કારણ કે બે દિવસ પહેલાં જ નદીમાં રેતી ભરવા જતા ટ્રેક્ટરના એક ડ્રાઇવરે અમને વાત કરેલી કે દીપડો વહેલી સવારે પાછો બોગદામાં જાય છે તેણે તો એમ પણ કહેલું કે હું સવારે સાડા છ વાગ્યે ટ્રેક્ટર લઇને ગયેલો ત્યારે મેં દીપડાને જતાં જોયેલો તેનાં મોંમાં ભુંડનું બચ્ચું હતું તે જતો હતો તેની પાછલ પણ એ બિન્દાસ જતો હતો. મને આ સાંભળીને નવાઇ લાગેલી પણ વાત સાચી હતી.

અમે રાત્રી દરમિયાન પ્રકૃતિ ઉદ્યાનમાં બરાબર જાપ્તો રાખ્યો હતો. રખેવાળ માણસોની અને પાંજરાંઓની સંખ્યા પણ વધારી દેવામાં આવી હતી.

વહેલી સવારે અમે પાર્કની રેસ્ટ હાઉસની બહાર ઊભા હતા ત્યાં આર.એફ.ઓ. ત્રિવેદીનો ફોન આવ્યો કે દીપડો પકડાઇ ગયો છે. અમારા સૌની ખુશીનો પાર ન હતો. અમે તુરત તેને જોવા ઉપડ્યા.

નદીની વચ્ચે આવેલા સંત સરોવર ડેમના ખંડેર નજીક જતાં દીપડાનો અવાજ સંભળાતો હતો. તેના પરથી લાગતું હતું કે દીપડો ખુંખાર છે. અમે બધા નજીક ગયા. અહીં ત્રણ પાંજરા મુકેલા હતા. એક પીંજરા પર ગ્રીન નેટ લગાવી બે માણસોને અંદર બેસાડવામાં આવેલા. જયારે બીજાં બે પાંજરા બોગદાંની આગળના ભાગમાં મુકાયા હતા. વળી તેની આસપાસ થઇને દીપડો નીકળી ન જાય તે માટે રેતી ભરેલી સીમેન્ટની થેલીઓ અને તેના પર ચેનલીંક લગાવી પથ્થરો મુકાયા હતા. બંને પીંજરાના બધા દરવાજા ખુલ્લા રાખવામાં આવેલા. આ બધું સાંજે જ ગોઠવાઇ ગયેલું. દીપડાને શંકા ન પડે તે માટે પાંજરામાં રેલી પાથરી દેવામાં આવેલી અને આજુબાજુ ઝાડી ઝાંખરાંથી ઢાંકી દેવામાં આવેલ અંધારું થતાં દીપડો બહાર નીકળી ગયેલો. તે પછી જ તેને પકડવાનું કાઉન્ટડાઉન શરુ થઇ ગયેલું. બાજુના ગ્રીન નેટ ઢાંકેલા પાંજરામાં બેઠેલા માણસો અદ્ધર શ્વાસે બેઠેલા. આખી રાત એમ જ પસાર થયેલી વહેલી સવારે દૂરથી દીપડાને આવતો જોઇ પળભર હૃદયના ધબકારા ચૂકી જવા તેવું દૃશ્ય હતું. ગોઠવણ મુજબ દીપડો નજીક આવ્યો. તેને કદાચ કંઇ શંકા ગઇ હોય અથવા માણસો ત્યાં હોવાની ગંધ આવી ગઇ હોય તેમ તે ઘડીક રોકાયો. તેણે આજુબાજુ જોયું પણ પછી કોઇ ગાય જેવું ન જણાતાં પીંજરામાં પેઠો. તે સાથે જ આગળનો દરવાજો ધડામ દઇને બંધ થયો. દીપડો પાછો ફર્યો અને તેણે દરવાજા પર હુમલો કર્યો ત્યાં તો પાછળ મુકેલ પાંજરાનો બીજો દરવાજો પણ બંધ થઇ ગયો.

દીપડો હવે પાંજરામાં ધમપછાડાં કરવા લાગ્યો હતો. તેની ત્રાડ આજુબાજુના વિસ્તારોને ગજવતી હતી.

દીપડો પકડાયાના સમાચાર ચારે તરફ વાયુવેગે પ્રસરી જતાં લોકોના ટોળાં કુતૂહલથી તેને જોવા ઉમટી પડ્યા તેમને કાબુમાં રાખવાનું મુશ્કેલ હતું. દીપડાને પકડવાનું આ ઓપરેશન છેવટે પાર પડ્યું. તેને વનચેતના કેન્દ્ર ખાતે લઇ જવામાં આવ્યો ત્યારે સૌને હાશ થઇ.

# ક્ષમા શોભતી ઉસ ભુજંગ કો જિસ કે પાસ ગરલ હો

## વિચારયાત્રા

**- ડૉ. જય ઓઝા**

મહેનત કી લૂટ સબસે ખતરનાક નહીં હોતી.
પુલિસ કી માર સબસે ખતરનાક નહીં હોતી,
ગદ્દારી - લોભ કી મુઠ્ઠી સબસે ખતરનાક નહીં હોતી,
બૈઠે બિઠાએં પકડે જાના-બુરા તો હૈ
સહમી સી ચુપ મેં જકડે જાના બુરા તો હૈ
પર સબસે ખતરનાક નહીં હોતા...
સબસે ખતરનાક હોતા હૈ
મુર્દા શાંતિ સે ભર જાના
ન હોના તડપ કા સબબ સહન કર જાના
ઘર સે નિકલના કામ પર
ઔર કામ સે નિકલકર લૌટકર ઘર જાના
સબસે ખતરનાક હોતા હૈ
હમારે સપનો કા મર જાના
સબ સે ખતરનાક વો આંખ હોતી હૈ
જો સબ કુછ દેખતી હુઇ ભી જમી બર્ફ હોતી હૈ
જિસ કી નજર દુનિયા કો મુહબ્બત સે ચૂમના ભૂલ જાતી હૈ
જો ચીજો સે ઉઠતી અંધેપન કી ભાપ પર ઢુલક જાતી હૈ
સબ સે ખતરનાક વહ દિશા હોતી હૈ
જિસ મેં આત્મા કા સૂરજ ડૂબ જાયેં
ઔર ઉસકી મુર્દા ધૂપ કા કોઇ ટૂંકડાં
આપકે જિસ્મ કે પૂરબ મેં ચૂબ જાયે
- 'પાશ' અવતારસિંહ સંધૂ

સૌથી ખતરનાક શું છે? બધું જ જાણતા હોવા છતાં ચૂપ બેસી રહેવું એ ખતરનાક છે, ભયંકર છે, માણસના ખતમ થઇ જવાનો નિર્ણય સમય નથી કરતો... સંજોગો નથી કરતા, માણસ પોતે જ પોતાના ખતમ થવા માટે જવાબદાર છે. હુમલો અને બચાવ બંને મનુષ્ય પોતે જ કરે છે...

**સૌથી ખતરનાક શું છે? બધું જ જાણતા હોવા છતાં ચૂપ બેસી રહેવું એ ખતરનાક છે, ભયંકર છે, માણસના ખતમ થઇ જવાનો નિર્ણય સમય નથી કરતો... સંજોગો નથી કરતા, માણસ પોતે જ પોતાના ખતમ થવા માટે જવાબદાર છે. હુમલો અને બચાવ બંને મનુષ્ય પોતે જ કરે છે...**

રૂટિનમાં વ્યસ્ત અને ત્રસ્ત આપણે ઘરથી નોકરી ને નોકરીથી ઘરની દડમડલમાંથી બીજું કાંઇ વિચારવા લાયક રહેતા નથી આ આપણી રચનાત્મકતાનું મૃત્યુ નથી તો શું છે?

જોબ - સેટિસ્ફેકશન નથી. પણ પૈસા મળે છે એટલે જ કામ કરીએ છીએ એને ગમાડીએ છીએ... ગમતું કામ કરવાનું બાજુ પર રહી જાય છે.

કયાં ખોટું થઇ રહ્યું છે તે જાણવા હોવા છતાં આંખ આડા કાન કરી કરીને જીવે રાખવાનો કસબ આપણે હસ્તગત કરી લીધો છે... ખુલ્લા દિલે કોઇના વખાણ કરવાની વાત તો દૂર રહી પરંતુ અણગમતા વ્યક્તિને ગાળો આપવાની પણ હિંમત ગુમાવી ચૂક્યા છીએ... કચવાતા જીવે કોચલામાં ફીટ થવાના યત્નમાં જીવન પુરું કરી નાંખીએ છીએ...

દુર્ભાગ્યવશ આપણે એ જ ચશ્મા પહેરીને આખી જીંદગી વિતાવી દઇએ છીએ જે આપણને પહેરાવવામાં આવે છે, આપણે એ જ જોઇએ છીએ જે આપણને દેખાડવામાં આવે છે.

આપણી આગવી સૂઝ, આગવી ઓળખ ગુમાવી ચૂકેલા નૂર ખોઇ ચૂક્યા છીએ... રાજકારણી જુઠ્ઠા છે. સફેદ બગલા જેવા છે... મીડિયાની અંદર જ ૨૪ કલાક ન્યૂઝ ચેનલ ચલાવવા માટે જે મસાલો બતાવાય છે, તે બકવાસ છે, બોગસ છે, પણ આપણા દેસમાં આ બધું થવું શક્ય છે... કારણ કે થોડી ઘણી કાગારોળ કરી શાંતિથી બેસી જવા વાળા ભસતા કૂતરા જેવા થઇ ગયા છીએ... જે કોઇ દિવસ કરડતાં નથી...

પાકિસ્તાનને ફૂંકી મારવાની વાત કરવાવાળા ચાર જુવાનિયા પાનના ગલ્લે મસાલાની પિચકારી મારતા ચર્ચાના ચકડોળે ચડે છે... અને આ દૃશ્ય દેશની દરેક ગલીમાં છે...

શહિદ હેમરાજની ક્રૂર શહાદત પર સિસકાર નીકળી જાય છે... પરંતુ બસ બીજું આગળ કશું સૂઝતું નથી... ગુસ્સો આપણને બધાને આવે છે પરંતુ આપણે આપણામાંથી કોઇ દિવસ ઊંચા આવતા નથી અને કોઇ દિવસ આવશું પણ નહીં.. આ આપણો સ્વભાવ બની ગયો છે...

એક સર્વે પ્રમાણે માણસ જયારે ક્રોધમાં હોય ત્યારે આપણા એડ્રિનલ ગ્લેન્ડસ આપણી અંદર દારુ જેવ માદક વસ્તુ ફેલાવી દે છે અને આપણે ઉત્તેજિત થઇ જઇએ છીએ... ગુસ્સો આવે છે... આંખ લાલ થઇ જાય છે... નસકોરા ફુલી જાય છે... જો આપણામાંના આ ગ્લૅન્ડ્સ કાપી નાખવામાં આવે, નષ્ટ કરવામાં આવે તો માણસને કદી ક્રોધ આવે જ નહીં...

પાવલોવ નામક મનોવૈજ્ઞાનિકે કૂતરા પર પ્રયોગ કરીને ધીરે ધીરે તેને રસી આપીને કૂતરાના એડ્રિનલ ગ્લૅન્ડસ સમાપ્ત કરી દીધા... અને કૂતરું ભસતું બંધ થઇ ગયું...

આપણે કોઇ પણ રસી વગર ક્રોધવિહીન થઇ ગયા છીએ... આ ખતરનાક છે... જે વ્યક્તિ ક્રોધ ન કરી શકે તેનું ગૌરવ નથી રહેતું, તેના વ્યક્તિત્વમાં કોઇ ચમક નથી રહેતી, એ ફક્ત અસમર્થ હોય છે...

આપણને લપડાક મારનાર ગુસ્તાખ નરપીશાચોને અમેરિકા આપણા વતી વઢે શું તેમાં આપણું શૌર્ય છે? નાના બાળકની જેમ કાગારોળ મચાવીને પાકિસ્તાનને દુનિયામાંથી કેવી વઢ પડે છે, તેનાથી સંતોષ માનીએ છીએ...

સમયસર ગુસ્સો ન દેખાડીને કાયરમાં ખપીએ છીએ.. પણ પાછા કાયરતાને અહિંસકતામાં ખપાવીએ છીએ... શું પાવલોવના પામેરીયન કૂતરા જેવં તો વર્તન નથી થઇ રહ્યું છે!

ક્ષમા શોભતી ઉસ ભુજંગ કો
જિસ કે પાસ ગરલ હો
ઉસ કો કયાં જો દન્તહિન વિષરહિત ગરલ હો...

માફી કોઇ શક્તિશાળી આપે એ યોગ્ય છે... ૧૯૮૮માં આ કવિતા લખનાર કવિ 'પાશ' ગોળીથી વિંધાઇ ગયા પરંતુ તેમની આ રચના આજે પણ આપણા બહેરા કાનો પર દસ્તક મારી રહી છે...

# મગનલાલ રાત્રના સૂતા પછી બીજે દિવસે ઉઠ્યા જ નથી અને નિંદરમાં ને નિંદરમાં જ તેમનું અવસાન થયાનું જાહેર થાય છે, આમ મગનલાલ પોતાના જ બંગલામાં છેલ્લા શ્વાસો લે છે

## પડઘા

**- નિરંજન ઓઝા**

ભાવનગર શહેરના જોગીવાડ ટાંકી પાસે આવેલ 'અવધ' બંગ્લોઝમાં મગનલાલ રહે છે. શરીરે ઉંમરને લીધે રોગે ભરડો લીધો હોય છે. ટી.બી.ને લીધે સખત ઉધરસ તેમજ ઝામરને લીધે ઓછું દેખાવવાની ફરિયાદ અવારનવાર તેમના બે દીકરાઓને કરતાં રહેતા હોય છે. પરંતુ પંદરસો રૂપિયાનું પેન્શન મેળવતાં મગનલાલના બે દીકરાઓ સરકારી દવાખાનામાં સારવાર કરાવતાં, કેટલીક વખત ડોકટરોએ પણ કહ્યું હતું કે દાદાને ઘણાં જ મોડા લાવવામાં આવ્યા છે. કારણ કે મોટી ઉંમર તેમજ રોગની જટીલતાને લીધે હવે કશું જ થઇ શકે તેમ નથી. આ તેમજ ઘરમાં અવારનવાર ધમાલને લીધે પણ મગનલાલ અસ્વસ્થ રહે છે.

પરંતુ છેલ્લાં એકાદ મહિનાથી ઘરનું વાતાવરણ તંગ થઇ ગયું છે. બંને દીકરાઓ, તેમની પત્નીઓ અને કેટલાંક અંશે મગનલાલની ધર્મપત્ની પણ બંને દીકરાઓની વાતોમાં ભળી ગયા છે. પોતે રહે છે ત્રણસો વારના પ્લોટ ઉપરનાં બંગલાના રૂપિયા એક કરોડ અને એંસી લાખ આવે તેમ છે, તેમાંથી બંને દીકરાઓને ઉપર નીચે અલગ અલગ ફ્લેટ રૂપાવટી દરવાજા પાસેના શાશ્વત ફ્લેટમાં મળે તેમ છે. જેથી ઘરમાં તેની ધમાલ ચાલી રહી છે, જે સાથે મગનલાલ સહમત નથી તેઓ એકવાર કહી ચૂક્યા છે કે આજથી પાંત્રીસ વર્ષ પહેલાં કે જયારે આ જગ્યા જંગલ અવસ્થામાં હતી ત્યારે કેમ કરીને પોતે જાત ઘસીને આ બગંલો બનાવ્યો છે. બંગલો બની ગયા પછી પણ દેવામાંથી મુક્ત થવા, શિક્ષક તરીકેની નોકરી હોવા છતાં ટ્યુશનો કરી, આ બંગલાને ઊભો રાખ્યો છે તેથી દીકરાઓ, પુત્રવધુઓના બંગલાને વેચવાના અતિઆગ્રહને કેમ માન્ય રાખી શકાય?

દીકરાઓ તેમ છતાં અવારનવાર કહેતા કે બાપા તમારી તબિયત સારી રહેતી નથી, આખી રાત ઉધરસ ખાઇ, ખોં-ખોં કરો છો, વળી બંગલાના ભિતડા પણ તમારી ઉંમરના થઇ ગયા છે તેથી તેનો મોહ રાખવો યોગ્ય નથી. વધારામાં જે રકમ આવશે તેમાંથી પણ બચત થાય તેમ છે કારણ કે બે ફ્લેટના એક કરોડ અને દસ લાખ થાય તેમ છે અને બાકીના ૭૦ લાખ વધશે. વળી આ બંગલો અમારી માના નામે છે તેથી તેમને બંગલો વેંચવામાં કોઇ વાંધો નથી તેઓ સહી કરવા તૈયાર છે તો તમે પણ હસતાં મોઢે 'હા' પાડી દો તો આગળ વધી શકાય. આ દલીલ સાથે પણ મગનલાલ સહમત નથી તેઓ જણાવે છે કે બંગલાની ઉંમર થઇ એટલે વેચી નાખવાનો? તેના અસ્તિત્વનો વિચાર કરવાનો જ નહીં? આવા ઘણાં પ્રશ્નો મગનલાલ કરતાં, પરંતુ દિકરાંઓ ઉપર તેની અસર પડતી નહીં.

હવે બંગલાનું વેચાણ કરવાનું નક્કી થાય છે. તેની સમજૂતી થયા પ્રમાણે, મળ્યા પછી બે દિવસમાં, ખાલી કબજો આપવો રહેશે તે મુજબ બંને દીકરાઓ, પુત્રવધુઓ તેમજ તેમના માતૃશ્રીની હાજરીમાં પૈસાની તેમજ દસ્તાવેજની લેવડ-દેવડ પુરી થાય છે, તદાનુસાર બે દિવસ પછી ખાલી કરજો આપવાનો હોવાથી, ઘરવખરી તેમજ સામાન પેકીંગની તૈયારીઓ શરુ થઇ જાય છે પરંતુ બીજે દિવસે સવારે બંગલામાંથી રોક્કળની ચીસો સંભળાય છે. મગનલાલ રાત્રના સૂતા પછી બીજે દિવસે ઉઠ્યા જ નથી અને નિંદરમાં ને નિંદરમાં જ તેમનું અવસાન થયાનું જાહેર થાય છે. આમ મગનલાલ પોતાના જ બંગલામાં છેલ્લા શ્વાસો લે છે.

બંગલાના નવા માલિક બંગલાનો ચાર્જ લે છે. હોમ હવન વિગેરે કરાવવામાં આવે છે પરંતુ બે દિવસ પછી નવા માલિક પોતાના જૂના ફ્લેટ પાછા ફરે છે કારણ કે નવા બંગલામાં તેમના નિવાસ દરમિયાન રાત્રે કોઇ ખોં-ખોં તેમજ ઉધરશ ખાતુ તેમજ લાકડીના ઠગ-ઠગ આવાજ આવતાં સંભળાય છે. કોઇ આખી રાત સૂઇ શકતું ન હતું. આમ આજે પણ આ બંગલો સુમસાન અવસ્થામાં છે. ઠેર ઠેર ઝાડ-ઝાંખરા ઊગી નીકળ્યા છે.